## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત જીવંત પ્રસારણનો કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે "પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના" અંતર્ગત તા. ૧૯.૧૧.૨૦૨૫ ને બુધવારનાં રોજ જીવંત પ્રસારણનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં મુખ્ય અતિથી શ્રી. ધનજીભાઇ પરમાર, સરપંચશ્રી, દેવાતજ તથા શ્રી. કનુભાઈ રબારી, સરપંચશ્રી, ગાડા હાજર રહ્યા હતા. તેમજ આણંદ જિલ્લાના વિવિધ ગામ માંથી કુલ ૧૫૫ ખેડૂતભાઇઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરીષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. ડી. એમ. રાઠોડ દ્વારા સર્વેનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત તેમજ પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યુ હતુ. જે અંતર્ગત તેઓએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના દ્વારા ખેડુતોના ખાતામાં જમા થતી રકમ દ્વારા ખેતીમાં આર્થિક મદદ મળી શકે અને કૃષિ અને પશુપાલન દ્વારા વધારે આર્થિક ઉપાર્જન મેળવવા ખેડુતોને પ્રોત્સાહિત કર્યા હતા. તદુપરાંત ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિષે પણ માર્ગદર્શન આપ્યું હતું.

ત્યારબાદ કોઇમ્બતુર, તમિલનાડુથી માન. વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતીમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૧ મો હપ્તો રીલીઝ કરવા માટે "કિસાન સમ્માન સમારોહ" નું જીવંત પ્રસારણનાં કાર્યક્રમને સર્વેએ નિહાળ્યો હતો. જેમાં શુભારંભ થતી ખેડૂત ઉપયોગી નવી યોજનાઓ વિષે ખેડૂતો માહિતગાર થયા તેમજ તેઓએ હર્ષની લાગણી અનુભવી.

કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન કેવિકેનાં કર્મચારીગણ દ્વારા કરવામાં આવેલ.

### કાર્યક્રમની ઝાંખીઓ



